# રાષ્ટ્રીય રમત દિવસ

ભારતમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ ૨૯ ઓગસ્ટે ભારત માટે ઓલિમ્પિકમાં ત્રણ વખત ગોલ્ડ મેડલ જીતનાર હોકીના સુપ્રસિદ્ધ ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ પર ઉજવવામાં આવે છે. ભારતના રાષ્ટ્રપતિ આ દિવસે રાષ્ટ્રપતિ ભવનમાં

**ભારતે યોગ, આયુર્વેદ, શૂન્ય જેવા પ્રખ્યાત આવિષ્કારોની સાથે કેટલીક રમતોની પણ શોધ કરી છે. જેવી કે ચેસ, કબડ્ડી, ખો-ખો, સાપ-સીડી, લુડો, કેરમ**



રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ અને દ્રોણાચાર્ય એવોર્ડ જેવા રમતગમતને લગતા પુરસ્કારો એનાયત કરે છે. મેજર ધ્યાનચંદે તેમની કારકિર્દીમાં ૧૯૨૬ થી ૧૯૪૯ દરમિયાન ૧૮૫ થી વધુ હોકીની મેચોમાં ૫૭૦ ગોલ નોંધાવ્યા હતા. ભારત સરકાર દ્વારા ૧૯૫૬ માં તેમને પદ્મ ભૂષણ પુરસ્કાર એનાયત કરવામા આવ્યો હતો. તેમની યાદમા રમતગમતમાં આજીવન સિદ્ધિ માટે ધ્યાનચંદ એવોર્ડ પણ આપવામા આવે છે. વર્ષ ૨૦૦૨ માં નેશનલ સ્ટેડિયમ, દિલ્હીનું નામ ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ રાખવામાં આવ્યું હતું. ૩૪ વર્ષની સેવા બાદ તેઓ ભારતીય સેનામાંથી ૧૯૫૬ માં લેફ્ટનન્ટ તરીકે નિવૃત્ત થયા હતાં.

**પ્રસંગસર**
**જીગર એસ બારોટ**

ભારતમાં દર વર્ષે રમતગમતમા શ્રેષ્ઠ પ્રદર્શન કરતા રમતવીરોને વિવિધ એવોર્ડથી નવાજવામા આવે છે.

**૧. રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ**





રમતગમતના ક્ષેત્રમાં અદ્યતન અને સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ એનાયત કરવામા આવે છે. રમતગમતના ક્ષેત્રમાં આ એવોર્ડ સૌથી શ્રેષ્ઠ ગણવામા આવે છે. આ એવોર્ડ ના વિજેતાને ૭.૫ લાખ રૂપિયા, ચંદ્રક અને પ્રમાણપત્ર એનાયત કરવામા આવે છે. આ એવોર્ડ સૌપ્રથમ ૧૯૯૧ માં વિશ્વનાથ આનંદે પ્રાપ્ત કર્યો હતો જ્યારે ૨૦૨૦ માં ક્રિકેટર રોહિત શર્માને મળ્યો છે.

**૨. દ્રોણાચાર્ય એવોર્ડ**



રમતગમતના કોચ કે જેમણે સફળતાપૂર્વક રમતવીરો અથવા ટીમોને તાલીમ આપી છે તથા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યા છે, તેમને આ એવોર્ડ આપવામા આવે છે. આ એવોર્ડ ના વિજેતા કોચને ૫ લાખ રૂપિયા, કાસ્ય મુર્તિ અને પ્રમાણપત્ર એનાયત કરવામા આવે છે.

**૩. અર્જુન એવોર્ડ**



આંતરરાષ્ટ્રીય સ્તરે સળંગ ચાર વર્ષ માટે સતત સારું પ્રદર્શન, નેતૃત્વ અને શિસ્તના માપદંડો ના આધારે ખેલાડીને આ એવોર્ડની આપવામા આવે છે. આ એવોર્ડ ના વિજેતા ખેલાડીને ૫ લાખ રૂપિયા, કાસ્ય મુર્તિ અને પ્રમાણપત્ર એનાયત કરવામા આવે છે.

**૪. ધ્યાનચંદ એવોર્ડ**



આ એવોર્ડ એવા રમતવીરોને આપવામા આવે છે કે જેમણે સક્રિય રમતવીર કારકીર્દિમાંથી નિવૃત્તિ લીધા પછી પણ આજીવન યોગદાન આપે છે. આ એવોર્ડ ના વિજેતા ખેલાડીને ૫ લાખ રૂપિયા, મુર્તિ અને પ્રમાણપત્ર એનાયત કરવામા આવે છે.

વિશ્વમાં છેલ્લા ૩૦૦૦ વર્ષોથી ૮૦૦૦ કરતા વધુ સ્પોર્ટસ રમાય છે. સ્પોર્ટસ એ આપણા જીવનનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે. તે આપણને આપણી ઓળખ ઉભી કરવામા સૌથી અગત્યનો ફાળો આપે છે. સ્પોર્ટસથી શારીરિક અને માનસિક વિકાસ થાય છે. તે શારીરિક વ્યાયામ પ્રાપ્ત કરવા માટેનું એક ઉત્તમ સાધન છે. તેનાથી માનસિક તણાવના સ્તરને ઘટાડીને તંદુરસ્ત જીવન જીવી શકાય છે. ઘાણા લોકો સ્પોર્ટસને ઉપયોગ મનોરંજન પ્રવૃત્તિ તથા વ્યાવસાયિક ધોરણે કરીને તેમા કારકિર્દી પણ સ્થાપિત કરે છે. સ્પોર્ટસ એ જે તે દેશની સંસ્કૃતિને જાળવવામાં મદદ કરે છે. વિભિન્ન દેશો વિશિષ્ટ રમતો માટે જાણીતા છે, જેમ કે ભારત - ક્રિકેટ, બ્રાઝિલ - ફૂટબોલ, કેન્યા - એથ્લેટિક્સ, અમેરીકા – બેઝબોલ અને કેનેડા – આઈસહોકી માટે જાણીતું છે. ભારતે ઓલિમ્પિકસમાં ૯ ગોલ્ડ મેડલ, ૭ સિલ્વર મેડલ, ૧૨ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૨૮ મેડલ્સ, એશિયન ગેમ્સમાં ૧૫૫ ગોલ્ડ મેડલ, ૨૦૧ સિલ્વર મેડલ અને ૩૧૬ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૬૭૨ મેડલ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં ૧૮૧ ગોલ્ડ મેડલ, ૧૭૫ સિલ્વર મેડલ અને ૧૪૮ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૫૦૪ મેડલ્સ વિવિધ સ્પોર્ટસમા જીત્યા છે. ભારતીય સૈન્ય, ભારતીય રેલ્વે, રાજ્ય અને કેન્દ્રીય પોલીસ દળ, સરકારી બેંકો, કેન્દ્ર અને રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ અને પી.એસ.યુ.માં સ્પોર્ટસ ક્વોટા આધારિત યુવાનોને રોજગારી પણ મળે રહે છે.


**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સાયુજ્યે**

# ‘માતૃભાષા પ્રબોધન’ અંગે રાષ્ટ્રીય વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સાયુજ્યે ‘‘માતૃભાષા પ્રબોધન’’ અંગે દિનાંકઃ ૨૭ ઑગસ્ટના રોજ રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૪ ઑગસ્ટ- કવિ નર્મદ જયંતી નિમિત્તે આયોજિત આ વેબિનારમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને જાણીતા કવિ અને મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોકસીએ ખુબ જ રસાળ શૈલીમાં માતૃભાષાનું માર્ગદર્શન કર્યુ હતું.

વેબિનારની શરૂઆતમાં માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રશાંત પટેલે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગની ભૂમિકા સમજાવી હતી. કુલપતિ શ્રી હર્ષદભાઈ પ્ર. શાહે માતૃભાષાનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે આપણે મેકોલેના નહિ પરંતુ મહર્ષિના પુત્રો છીએ. એમણે માર્મિક ટકોર કરતા જણાવ્યું હતું કે આંખ વેચીને ચશ્માં ના ખરીદાય એમ માતૃભાષાના ભોગે અંગ્રેજી ભાષા પ્રત્યેનો મોહ વ્યર્થ છે. વિખ્યાત મનોચિકિત્સક અને જાણીતા કવિ ડૉ. મુકુલ ચોકસીએ રોજિંદા વ્યવહારની ભાષામાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ સભાનતાપૂર્વક ટાળવો જોઈએ એમ જણાવ્યું હતું. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ કહ્યું હતું કે બાળકો પોતાનો નિર્ણય જાતે કરી શકતા નથી અને માતાપિતા પર આધારિત હોવાનો આપણે ગેરલાભ ઊઠાવી તેમને અંગ્રેજી ભાષારૂપી, પડકારરૂપ વિભીષિકામાં ધકેલી દઈએ છીએ. અને એ જ કારણે આજના બાળકો ઉર્જાવાન જણાતા નથી.





સમગ્ર વેબિનાર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. વેબિનારનું સુંદર સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રશાંત પટેલે કર્યુ હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ફેસબુક પેજ પર વેબિનારને લાઈવ કરવામાં આવ્યો હતો જેમાં લગભગ દસ હજારથી વધુ લોકો સહભાગી બન્યા હતા. આ રાષ્ટ્રીય વેબિનારને www.facebook.com/cugujarä પર કોઈ પણ સમયે નિહાળી શકાશે.

# ગણપત યુનિવર્સિટી દ્વારા ‘ઓપોર્ચ્યુનીટી ઈન ધી ફિલ્ડ ઓફ સાયબર સિક્યોરિટી’ વિષય પર ઓનલાઈન પેનલ ડિસ્કશન યોજાયું

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૮

ગણપત યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ દ્વારા તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ‘ઓપોર્ચુનીટી ઈન ઘી ફિલ્ડ ઓફ સાયબર સિક્યોરિટી‘ વિષય પર ઓનલાઈન વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનાર અંતર્ગત કુલ ૩૫૦૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ ઓનલાઈન માધ્યમથી જોડાઈને વિષયને અનુરૂપ જ્ઞાનનો લાભ ઉઠાવ્યો હતો.

અનિરુદ્ધ કાલે, ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર - એન્ડી ઈન્ફોસેક (પૂણે), ડૉ. નિલેશ મોદી, ડાયરેક્ટર - સ્કૂલ ઓફ કોમ્પ્યુટર સાયન્સ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, ડૉ. સત્યેન પરીખ - એકઝીક્યુટીવ ડીન ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનસ ગણપત યુનિવર્સિટી જેવા વિદ્વાન વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વેબિનાર ના મુખ્ય વિષય પ્રમાણે, જેમ જેમ ડેટા નેટવર્ક, ડિજિટલ એપ્લિકેશન, તેમજ ઈન્ટરનેટ અને મોબાઈલ વપરાશકર્તાઓની સંખ્યા વધતી જાય છે, તે મુજબ માહિતીની સલામતી વર્તમાન સમયમાં સૌથી મોટો પડકાર બની ગયો છે. લોકો માં પૂરતી માહિતીના અભાવે સાયબર ગુનાઓની




સંભાવનાઓમાં સતત વધારો જોવા મળ્યો છે, તે અનુસંધાન માં ડૉ. નિલેશ મોદીએ વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં સાયબર સિક્યોરિટીનું મહત્વ સમજાવ્યું હતું. સાયબર સિક્યુરિટીના ક્ષેત્રમાં રહેલી આકર્ષક રોજગારીની તકો, યોગ્ય કારકિર્દી ઘડતર માટે આવશ્યક બાબતો વગેરે મુદ્દાઓ અંગે શ્રી અનિરુધ્ધ કાલેએ ખુબ છાણવટથી ચર્ચા કરી હતી.

સંશોધન ક્ષેત્રે પણ સાયબર સિકયુરિટીના વિષયમાં ખુબ મોટો અવકાશ છે, ડૉ. સત્યેન પરીખે સાયબર સિક્યુરિટીમાં સંશોધનક્ષેત્રે આગળ વધવા અંગે પ્રકાશ પડ્યો હતો. તેમણે સાયબર સિક્યુરિટીથી સમાજોપયોગી કાર્યો પણ થઈ શકે છે, એ બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. અંતે ડૉ. નિર્ભય ચૌબે સરે ઓનલાઈન વેબિનાર માં પોતાનો કિંમતી સમય ફાળવવા તથા સદર આયોજનને સફળ બનાવવા બદલ ઉપસ્થિત મહેમાનો, આયોજકો તથા દરેક વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભવન્સના ઓનલાઈન ડ્રામા સ્પર્ધામાં ગાંધીનગરના કલાકારોનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨૮

તાજેતરમાં ‘ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્ર, મુંબઈ‘ દ્વારા ભવન્સ લોકડાઉન ૨૦૨૦ ઈંટરનેશનલ ડ્રામા કોમ્પીટીશન યોજાઈ ગઈ જેમાં મોનોલોગ, ડુઓલોગ તથા સ્કીટનો સમાવેશ થાય છે. જેમાં કુલ ૧૫૭ જેટલી પ્રસ્તુતિઓ આવેલ જેમાં મોનોલોગમાં નગરના ઉભરતા કલાકાર પરમ શુક્લ દ્વિતીય સ્થાને વિજેતા બન્યા છે .જેમણે ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત સાહિત્યકાર ધૂમકેતુના વાર્તાસંગ્રહ ‘તણખા-મંડળ‘માં સમાવિષ્ટ વાર્તા ‘જુમો ભીસ્તી‘માં જુમો ભીસ્તીનું પાત્ર ભજવેલ. ડુઓલોગમાં પણ ગાંધીનગરનાં પ્રો.મમતા બુચ અને પ્રો.મૌન સાધુએ તૃતીય સ્થાન મેળવી ગાંધીનગર નું ગૌરવ વધાર્યું છે.તેઓએ ઝવેરચંદ મેઘાણીના વાર્તાસંગ્રહ ‘સૌરાષ્ટ્રની રસધાર‘ માંની એક વાર્તા ‘દીકરાનો મારનાર‘ ઉપર આધારિત ડુઓલોગ ભજવેલ. ઉપરોક્ત બંને નાટ્યકૃતિઓનું લેખન અને દિગ્દર્શન પ્રો.મમતા બુચ દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ ૧૫૭ કૃતિઓમાં અમેરિકા, આફ્રિકા, દુબઈ, સિંગાપોર, કેનેડા, કલકત્તા, મુંબઈ તથા સમગ્ર ગુજરાતમાંથી આવેલી કૃતિઓનો સમાવેશ થાય છે.





હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ શ્રી રાધાષ્ટમી ઉત્સવ ખૂબ જ ભાવપૂર્વક ઉજવાયો હતો જે શ્રી કૃષ્ણના સર્વોપરી પ્રિયતમા શ્રીમતી રાધારાણીના અવતરણના શુભ દિનની યાદગીરી તરીકે ઉજવાય છે. જન્માષ્ટમી ઉત્સવ પછીના ૧૫ દિવસના અંતે ભાદરવા સુદ આઠમના દિવસે રાધાષ્ટમી ઉત્સવ આવે છે. કૃષ્ણભક્તો માટે શ્રી રાધાષ્ટમી ઉત્સવ પણ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ જેટલું જ મહત્વ ધરાવે છે. વૃંદાવનની બધી ગોપીઓમાં શ્રીમતી રાધારાણીને મુખ્ય ગોપી તરીકે ખૂબ જ ભાવપૂર્વક પૂજવામાં આવે છે. શ્રીમતી રાધારાણી એ ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની શુધ્ધ ભક્તિનો સાર છે. કૃષ્ણ ભક્તિ દ્વારા ભક્તો શ્રીમતી રાધારાણીની આ દિવસે વિશેષ પૂજા અને પ્રાર્થના કરી હતી.

# આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિન વેબીનારમાં પૂ. મોરારીબાપુના યોગદાનની ગૌરવાન્વિત પ્રશંસા

ગાંધીનગર, તા. ૨૮

આંતરરાષ્ટ્રિય વ્હેલ શાક ‘દિન નિમિત્તે યોજાયેલ વેબીનારમાં, વ્હેલશાર્ક સંરક્ષણ પ્રોજેકટની આ સફળતામાં ગુજરાતના પ્રસિદ્ધ શ્રીરામકથાકાર આદરણીય પૂ. મોરારીબાપુના સીધા સહયોગની કામગીરીની આજે સંપન્ન થયેલ આંતરરાષ્ટ્રિય વેબીનારના મંચ ખાતેથી આદર સહિત સૌએ પ્રશંસા કરી હતી. બન્યું હતું એમ કે, એક દાયકા અગાઉ તાતા કેમિકલ્સની મુલાકાતે આવેલ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના શ્રી વિવેક મેનને સદર કંપનીના શ્રીમતી અલ્કા તલવાર સાથે લુપ્ત થઈ રહેલ વ્હેલશાર્કની પ્રજાતિના સંરક્ષણની ચિંતા વ્યક્ત કરી હતી. આ દિશામાં તાતા કેમિકલ્સ દ્વારા વ્હેલશાર્ક સંરક્ષણમાં સક્રિય સહયોગ આપીને આ પ્રોજેકટનો એક દાયકા પૂર્વે પ્રારંભ કર્યો હતો.

આ તબકકે, માછીમાર સમાજમાં સંવેદના પ્રગટ કરવા માટે આદરીણ પૂ. મોરારીબાપુને વિનંતી કરવામાં આવી હતી. તેઓની વ્યસ્તતા વચ્ચે પણ સમય ફાળવીને પૂ. મોરારીબાપુ તૂર્ત જ આ અભિયાનમાં સ્વયં જોડાવા સંમત થયા હતા. તેઓએ માછીમાર સમાજમાં ધર્મ આધારિત વારંવાર કરેલ અનુરોધના પગલે વ્હેલશાર્ક સંરક્ષણમાં અસરકારક પરિણામ મળી શક્યા છે. પૂ. મોરારી બાપુએ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારના માછીમાર સમાજ સાથે મત્સ્યકન્યાનો પુરાણિક સંબંધ સંવેદના સભરરીતે સમજાવ્યો છે. પરિણામે, આજે પણ ગુજરાતનો માછીમાર સમાજ વ્હેલશાર્કની સુરક્ષા કરી રહેલ છે. માછીમારએ બિછાવેલ જાળમાં ક્યારેક વ્હેલશાર્ક ફસાઈ જાઈ ત્યારે, આ માછીમારો તેઓની જાળ કાપવાનું નુકશાન સહન કરીને વ્હેલશાર્કને મુક્ત કરે છે.




વધુમાં, આંતરરાષ્ટ્રિય વ્હેલ શાર્ક દિન નિમિત્તે યોજાયેલ વેબીનારમાં, તાતા કેમિકલ્સ, મીઠાપુર દ્વારા ઓનલાઈન આગોતરા યોજાયેલ રાષ્ટ્રિય કક્ષાની ડ્રોઈંગ તેમજ ક્વિઝ સ્પર્ધાના વિજેતાઓની જાહેરાત સદર કંપનીના નાયબ મેનેજર શ્રી સતિશભાઈ ત્રિવેદીએ કરી હતી. જેમાં, ડ્રોઈંગ-સ્પર્ધા - જુનિયર કક્ષામાં, ગુજરાતની આદિત્ય બિરલા પ્રાથમિક શાળા, વેરાવળ, ધોરણ-૪ની વિદ્યાર્થીની કુ. પ્રગતિ ડોરીયાને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. જ્યારે સિનીયર કક્ષામાં, કેરાલા રાજ્યમાં એલ.એફ.જી. હાઈસ્કૂલ, મેમ્મીયૂર, ધોરણ-૯ની વિદ્યાર્થીની યુક્તારાજ ઈઆરને પ્રથમ ઈનામ મળ્યું હતું. જ્યારે, ક્વિઝ – સ્પર્ધામાં, કેરાલામાં પલક્કડ ખાતે આવેલ જીવીએચએસએસ વટ્ટેનડ શાળા ધોરણ-૧૦ના વિદ્યાર્થી શીબીન સુરેશ કે.ને પ્રથમ વિજેતા જાહેર કર્યા હતા.

વર્ષ ૨૦૦૦ના દાયકામાં ગુજરાતના સાગરકાંઠે આવેલ તાતા કેમિકલ્સ કંપનીના સક્રિય સહયોગમાં સ્થાનિક માછીમાર-સમાજ અને ગુજરાત વન વિભાગના સંયુક્ત પ્રયાસોથી લુપ્ત થવાના ગંભીર ખતરા હેઠળની પ્રજાતિ તરીકે જાહેર થયેલ વ્હેલશાર્કના સંરક્ષણમાં મળેલ સફળતાની વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ પ્રશંસા કરી છે.

વેબીનારમાં, વાઈલ્ડલાઈફ ટ્રસ્ટના શ્રી વિવેક મેનન તેમજ સાજન જ્હોન, તાતા કેમિકલ્સના મુખ્ય સીએસઆર ઓફિસર શ્રીમતી અલ્કા તલવાર, ગુજરાત વન વિભાગના મુખ્ય વન સંરક્ષક શ્રી સંજય શ્રીવાસ્તવ, શ્રી રાહુલ પાંડે-આન્ધ્ર પ્રદેશ, ડૉ. રચેલ ગ્રેહામ, ડૉ. માર્ક મિકન, ડૉ. સાયમન, ડૉ. કે.કે. બીનીશ, પ્રોફેસર બી.સી. ચૌધરીએ વિષયોચિત પ્રસ્તુતિ કરી હતી. પર્યાવરણીય બાબતોમાં રસધરાવતા જુદાજુદા રાજ્યોના પ્રતિનિધિઓ સહિત જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકરે પણ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

# જન્મદિને વધામણી



**ભાવના સમીર રામી**
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
કોષાધ્યક્ષ,હેપ્પી યુથ ક્લબ
મો. ૯૪૨૯૫ ૬૬૨૦૧



**ભદ્રશિલાબેન ત્રિવેદી**
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧



**પંકજકુમાર મહેતા**
મેનેજર (ફાઈનાન્સ)
ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની



**એમ એમ સોલંકી**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**નિલેષકુમાર ચૌહાણ**
યુથ, રેડક્રોસ



**જગમાલભાઈ વઢવાડિયા**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**હરશિવ રવીન્દ્રકુમાર નાયી**
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨



**આકાશકુમાર એસ. પટણી**
મો. ૮૭૫૮૨ ૮૦૨૦૩



**સ્વાતી કાનુગા**



**માહી કાનુગા**